GJSK020001752025

**:: નમુના-અ ::**

| | |
|---|---|
| **હિંમતનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, હિંમતનગર, જીલ્લા-સાબરકાંઠા** | |
| ફોજદારી કેસ નંબર | **૧૧૦/૨૦૨૫** |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| આંક | ૨૭ |
| ગુના ની વિગત | |
| ગુનાની કલમ | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ |
| ફરિયાદી પક્ષ | **શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કં. લી. ના પાવર ઓફ એટર્ની હોલ્ડર તથા અધિકૃત કર્મચારી શ્રી જસુભાઈ રામજીભાઈ દેસાઈ**<br>ઉ.આ.વ. ૩૮, ધંધો: નોકરી,<br>રહે: મોતીપુરા, મુ.પો. હિંમતનગર, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા. |
| રજૂઆત | ફરીયાદી તરફે વિ.વ.શ્રી :- જે.બી.ભટ્ટ |
| આરોપી પક્ષ | **રમેશભાઈ ભલાભાઈ રાવલ**<br>ઉ.આ.વ. ૭૧, ધંધો: ખેતી, નવલપુરા, તા.હિંમતનગર, જી. સાબરકાંઠા. |
| રજૂઆત | આરોપી તરફે વિ.વ.શ્રી :- ડી. આર. મકવાણા। |

**:: નમુના-બ ::**

| | |
|---|---|
| તહોમતનામા/પ્લીની તારીખ | ૧૭-૦૯-૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬-૦૬-૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮-૦૭-૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ૦૮-૦૭-૨૦૨૬ |

## :: આરોપીની વિગત ::

| આરોપીનુ અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રમેશભાઈ ભલાભાઈ રાવલ** | – | – | ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ | સજા કરી | આખરી હુકમ મુજબ | – |

## :: નમુનો – ક ::

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ફરીયાદીની સરતપાસનું સોંગદનામુ(આંક–૦૪) | ફરીયાદીનુ સરતપાસનુ સોગંદનામુ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી યાદી**

**અ. ફરિયાદ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૩ | અસલ ચેક |
| ૨. | ૧૪ | રીટર્ન મેમો |
| ૩. | ૧૫ | નોટીસની સ્થળપ્રત |
| ૪. | ૧૬ | સફેદ પાવતી |
| ૫. | ૧૭ | નોટીસ પરત આવી તે કવર અસલ |
| ૬. | ૧૮ | પાવર ઓફ અટર્નીની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૭. | ૧૯ | અધિકાર પત્રની ખરી નકલ |
| ૮. | ૨૦ | લોન ખાતાના સ્ટેટમેન્ટની ખરી નકલ |
| ૯. | ૨૧ | એવીડેન્સ એકટનું સર્ટીફીકેટ |
| ૧૦. | ૨૨ | આર.બી.આઇ. દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની ખરી નકલ |
| ૧૧. | ૨૩ | CIN NO: L65191TN1979PLC007874 ના સર્ટીફીકેટની ખરી નકલ |

**<u>//ચૂકાદો //</u>**

**(૧).** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી શ્રીરામ ફાયનાન્સ કં.લી. જે અગાઉ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફા.કં.લી. ના નામે ચાલી રહેલ જે આર.બી.આઇ. ના સર્ટીફીકેટ ઓફ રજી. નં.૦૭–૦૦૪૫૯ તા. ૩૧/૦૧/૨૦૨૩ થી સર્ટીફીકેટ ધરાવે છે અને કંપનીના વહીવટમાં કોઈ જ ફેરફાર થયેલ નથી ફકત નામ બદલેલ છે. શ્રીરામ ફાયનાન્સ લી. જે કંપની એકટ ૧૯૫૬ નીચે નોધાયેલ કંપની છે જેની રજીસ્ટર્ડ ઓફીસ ચેન્નાઇ મુકામે આવેલ છે જેની બ્રાન્ચ ઓફીસ હિંમતનગર મુકામે આવેલ છે અને આ ફરીયાદી કંપની ફાયનાન્સની કામગીરી કરે છે.

**(૧.૧)** વધુમાં ફરીયાદી તેમની ફરીયાદમાં જણાવે છે કે, આરોપીએ TATA LPT 1109 FBT વાહન ઉપર લોન લેવાની હોઈ ફરીયાદીનો સંપર્ક કરેલો અને આરોપીએ ધિરાણની માંગણી કરતા ફરીયાદીના નીતી નીયમો મુજબ અરજી કરી લોનની માંગણી કરેલી જેથી ફરીયાદી કંપનીએ આરોપીની TATA LPT 1109 FBT જેનો રજી. નં. GJ-9-X-8970 છે. તેની ઉપર તા. ૧૮/૦૫/૨૦૨૨ ના રોજ રૂ. ૩,૫૦,૦૦૦/– નું ધિરાણ યાને કે લોન આપેલ જે લોનનો એગ્રીમેન્ટ નં. HIMNGT205180004 છે. તેમજ લોન અં ગેના તમામ કાયદેસરના દસ્તાવેજો આરોપીએ વાંચી, વંચાવીને સમજી, વીચારી, કબુલ રાખી સહી કરીને આપેલા હતા તેમજ લીધેલ લોન નાણાના

હપ્તા નકકી કરેલ વ્યાજ તેમજ તમામ પ્રકારના ખર્ચ સહીત ચુકવી આપવાની લેખીત તેમજ મૌખીક બાંહેધરી આરોપીએ ફરીયાદી કંપનીને આપેલ અને નકકી કરેલ માસીક હપ્તાઓ ચુકવી આપવાનું સ્વીકારેલ હતું.

વધુમાં ફરીયાદી જણાવે છે કે, આરોપી હપ્તાની રકમ ભરવામાં અનીયમીત હોઈ ફરીયાદી કંપની ધ્વારા વારંવાર લોનની બાકી રકમ ભરપાઈ જણાવતા જેથી આરોપીએ તા. ૧૩–૦૫–૨૦૨૪ ના રોજ ઈન્ડુસઈન્ડ બેંક, હિંમતનગર શાખાનો ચેક નં.– ૬૮૧૬૨૧ નો રૂ.૩,૫૦,૦૦૦/–નો સહી કરીને ફરીયાદીને આપેલો અને જણાવેલ કે, ચેક પાકતી તારીએ બેન્કમાં ભરશો તો સ્વીકારાઈ જશે અને નાણાં મળી જશે જેથી આરોપી પર વિશ્વાસ રાખી ફરીયાદીએ ચેક સ્વીકારેલો અને આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ એક્ષીસ બેંક, હિંમતનગર શાખામાં સ્વીકારવા માટે ભરતા ચેક તા. ૧૫–૦૫–૨૦૨૪ ના રોજ રજુ કરતા વગર સ્વીકારાયે રીટર્ન મેમા સાથે ''ફંડ ઈનશફીશીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ. જેથી ફરીયાદીએ વકીલશ્રી મારફતે તા. ૧૦–૦૬–૨૦૨૪ ના રોજ રજી. પો.એડી. તથા સાદી પોસ્ટ ધ્વારા આરોપીને નોટીસ મોકલાવેલી અને તા.૧૨–૦૬–૨૦૨૪ ના રોજ શેરા સાથે પરત આવેલ છે તથા સાદી પોસ્ટ ધ્વારા આપેલ નોટીસ બજી ગયેલ જેનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી કે ચેકની રકમ ચુકવી આપેલ નથી જેથી ફરીયાદીએ આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨). ફરીયાદીની ફરીયાદ અદાલત સમક્ષ રજુ થતાં આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપી અદાલતમા ઉપસ્થિત થયેલ, જેથી આરોપીને ફરીયાદ તેમજ સાથેના પેપર્સની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ, કોર્ટ ધ્વારા આરોપીને ગુનાની સમજ આપી, તેઓની આંક–૧૧થી

પ્લી લેવામા આવતાં આરોપીએ તેની સામેના આક્ષેપીત ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ફરીયાદ પક્ષનો કેસ પુરાવો રજુ રાખવા માટે મુલતવી રાખવામા આવેલ. ત્યારબાદ આરોપી સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ અને ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાને રેકર્ડ કરવામા આવેલ.

## (૩). <u>ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૨ મુજબ રજુ કરેલ પુરાવા</u>

ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત ટાંકેલ **ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧ ૭૯–એ** માં નિર્દેષ કરેલ અને ઠરાવેલ કોષ્ટક અને ફોર્મ સી માં જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી અત્રે જણાવેલ નથી. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

## (૪). ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૪ મુજબ તહોમતદાર પક્ષનો પુરાવો તથા ક્રિ .પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ તહોમતદારનુ વધારાનુ નિવેદન.

ઉપરોકત ફરીયાદપક્ષે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૪ મુજબ રજુ પુરાવા પરથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોય જેથી આંક–૨૬થી ફરીયાદીએ એફ.એસ.નો હકક બંધ અને ઉલટ તપાસનો હકક બંધ કરવાની અરજી આપતા આરોપીના એફ.એસ. નો હકક અને આંક–૨૪થી ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. જેથી આ કામના આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ફરીયાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા ફરીયાદ અને રજુ પુરાવાને સમર્થન કારક રજુઆત કરી ફરીયાદપક્ષ ધ્વારા તહોમતદાર સામેનો કેસ પુરવાર કરેલ

હોઈ જેથી યોગ્ય સજા કરવા અને આરોપી પાસેથી ચેકની રકમ વળતર પેટે અપાવવા હુકમ કરવા વિંનતી કરેલ છે. આરોપી પક્ષે પુરતી તક આપેલ હોવા છતાં દલીલ કરેલ ન હોઈ જેથી તેઓની દલીલનો હકક બંધ કરેલ છે.

(૫). ઉપરોકત હકિકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

૧. શું આ કામે ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીના બાકી લ્હેણાં પેટે ફરીયાદવાળો ચેક આપેલો અને સદર ચેક ફરીયાદીએ તેઓની બચતખાતુ ધરાવતી બેંકમાં રજુ કરતાં, આરોપીનો સદર ચેક કલીયરન્સમાં જતાં, સદરહું ચેક પરત થયેલો અને જે અંગે આરોપીને કાયદેસરની નોટીસ આપતાં, તે નોટીસની આરોપીને બજવણી થયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીના કાયદેસરના લ્હેણાં નહિ ચૂકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ:૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**// નિર્ણયો //**

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૭). ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

***મુદ્દા નં.૧ :–***

(૮). ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ ''અપૂરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતી દંડ સજા'' માંની કલમ–૧૩૮, કલમ–૧૪૨ તથા કલમ–૧૪૬ સાથે વંચાણે લેતાં કલમ–૧૩૮ માં ખાતામાં અપૂરતા ભંડોળના કારણે ચેકનો અસ્વીકાર, કલમ–૧૪૨ માં ગુનાઓનું કોગ્નીઝન્સ લેવા બાબત તથા કલમ–૧૪૬ માં બેંકની સ્લીપ કેટલીક હકીકતો અંગેનું પ્રથમ દર્શનીય પુરાવો હોવા બાબતની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, સદર કેસ મુજબનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**આવશ્યક તત્વો :–**

(૧) આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતાં ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

(૪) ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત થયેલ હતો.

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

(૬) આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલા નથી.

**(૯).** વધુમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧ ૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો, જયાં સુધી વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા કે જવાબદારીની અંશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમો હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ, બંને જોગવાઈઓમાં ''**વિરુધ્ધનું સાબિત ન થાય તો**'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલે કે આ બંને અનુમાનો ખંડીત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં ''**વિરુધ્ધનું સાબિત ન થાય**'', તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે.

**(૧૦)** ધી નેગોશીયેબલ ઈન્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧ ૩૮ મુજબ જયારે સમગ્ર રીતે અથવા અશંત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈપણ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા પૈકિનો

ચેક લખી આપે અને સદર ચેક આપતી વખતે ચેકમાં લખેલ રકમ અને તારીખ અંગે ઉપરોકત ધી નેગોશીયેબલ ઈન્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૧ ૮ અને ૧૩૯ ની કલમ ની જોગવાઈ જોતા ચેક ધારણ કરનારની તરફેણમાં ઉપરોકત તારીખે તેટલા અવેજ પેટેનો ચેક હતો તેવુ માની લેવાનુ સ્પષ્ટ જણાવેલ છે.આમ ફરીયાદીની તરફેણમાં કાયદાકીય જે અનુમાન કરવામાં આવે છે તેનુ ખંડન કરતો પુરાવો આરોપીએ બચાવ સંભાવના ની પ્રબળતા એટલે કે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીજ ના સિધ્ધાંતને ધ્યાનમા રાખી પુરવાર કરવાનો રહે છે.

**(૧૧)** ફરીયાદી તરફે ઉપરોકત રેકર્ડ પર જે પુરાવા રજુ રાખવામાં આવેલ તે પુરાવાનું ખંડન કરવા સારૂ આરોપી પક્ષ ફરીયાદીની ઉલટતપાસ સમયે આરોપી અદાલત સમક્ષ હાજર રહેલ નથી. અને આમ, ફરીયાદીની ફરીયાદ અને સરતપાસના સોગંદનામાની હકીકતોને આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ થકી પડકારેલ નથી. જેથી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે ત્યારબાદ ફરીયાદી તરફે પુરાવા બંધની પુરસીસ રજુ થતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે કાર્યવાહી મુલ્તવી રાખવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોધવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપીપક્ષે ફરીયાદીના પુરાવાનો કોઈ ખંડન કરવામાં આવેલ નથી. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

**(૧૨)** ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના

આવશયક તત્વો ઘ્યાને લેતા ફરીયાદ પક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા એ હકીકત પક્ષકારો વચ્ચે બીનતકરારી છે કે આંક–૧૩ થી રજુ કરેલ ચેક તહોમતદારના ખાતાનો છે. વધુમાં, ફરીયાદ પક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવો ઘ્યાને લેતા તકરારી ચેક મુકરર સમયમાં બેન્કમાં રજુ કરેલ હોવાનુ અને જે ચેક રીટર્ન થયેલ હોવાનુ પુરવાર થાય છે અને જે સબંધે ફરીયાદીએ તહોમતદારને આંક–૧૫ ની નોટીસ આપેલ હોવાનુ અને જે નોટીસની બજવણી તહોમતદાર પક્ષને થયેલ હોવાનુ ફરીયાદ પક્ષ દવારા પુરવાર કરે છે અને જે નોટીસની બજવણી થયાના ૧૫ દિવસ બાદના એક માસમાં હાલની ફરીયાદ કરેલ હોવાનુ ફરીયાદ પક્ષ દવારા પુરવાર કરેલ છે.

**(૧૩).** આ કામે ફરીયાદ પક્ષે આરોપી પાસે લેણી નીકળતી રકમની રકમની ચુકવણી માટે આંક–૧૩ નો ચેક ફરીયાદીને આપેલ હોવાનું અત્રેની અદાલતને રેકર્ડ પર આવેલ પુરાવાથી માનવાને કારણ છે. ચેકમાં દર્શાવેલ જેટલી રકમ લેણી ન હોવાનું તહોમતદાર પક્ષે કોઈ ઈન્કાર કરેલ નથી કે સદરહુ હકિકતનુ ખંડન કે તહોમતદાર તરફેની ઉલટતપાસ દરમ્યાન કરેલ નથી. આમ. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તથા તહોમતદાર તથા ફરીયાદપક્ષે રજુ મે.કલામણીના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત થયેલ કાનુની સિઘ્ધાંત ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષે આરોપીએ આંક–૧૩ નો ચેક તેમની કાયદેસરની દેવા અને જવાબદારી એટલે કાયદેસર રીતે તેનો અમલ કરી શકાય તેવી દેવા અને જવાબદારી પેટે આપેલ હોવાનુ સાબીત કરવામા સફળ ગયેલ હોઈ અને આરોપી ઘ્રારા **PREPONDERANCE OF PROBABILITY** ના સીઘ્ધાત ને આધીન આવા **અનુમાન નુ ખંડન કરેલ ન હોઈ** જેથી **મુદદા નં.૧** પરત્વે મારો જવાબ **હકાર મા** આપુ છુ.

**(૧૪)** ફરીયાદપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે, અને **Varkey V/s State, (1989 CrLJ 2357)** ના ચુકાદામાં નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ ધ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાં ભળવાની જરુર રહેતી નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ **મુદદા નં.૧** ફરીયાદ પક્ષે પુરવાર કરેલ હોય જેથી **મુદદા નં.૨** પરત્વે **આખરી હુકમ** નીચે મુજબ કરવામા આવે છે.

## // હુકમ //

**૧.** ક્રિ.પો.કોડની કલમ–૨૫૫(૨) મુજબ આ કામના આરોપી **રમેશભાઈ ભલાભાઈ રાવલ,** ઉ.આ.વ. ૭૧, ધંધો: ખેતી, નવલપુરા, તા.હિંમતનગર, જી. સાબરકાંઠા વાળાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે.

**૨)** વધુમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને ચેકની વળતરરૂપે ૧ (એક) માસમા આરોપીએ ચુકવવી આપવા અને જો વળતરની રકમ ફરીયાદીને ન ચૂકવે તો વધુ દિન ૩૦ માટે સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહયા હોય તો સી.આર.પી.સી.ની કલમ-૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ અર્થે ક્રિ.પ્રો. કોડની કલમ- ૪૧ ૮(૨) અન્વયે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

૫) સજા અંગેનું વોરન્ટ ક્રિ.પ્રો. કોડની કલમ – ૪૨૫ મુજબ જેલરશ્રી, જીલ્લા જેલ, હિંમતનગરને મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા. ૦૮ મી, માંહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૭/૨૦૨૬

સ્થળ : હિમતનગર

**( કુ.જયોત્સનાબેન વિનુભાઈ પરમાર )**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને**
**એડી.ચીફ જયુડી.મેજી.**
**હિંમતનગર, જીલ્લા-સાબરકાંઠા**
**U.I.C. NO. GJ01021**

NEHAL